ન્યૂઝીલેન્ડે ઈંગ્લેન્ડ સામે મૂક્યો 160 રનનો લક્ષ્યાંક

આદિલ રશિદ, વિલ જેક્સ અને રેહાન અહેમદે ન્યૂઝીલેન્ડને 7 વિકેટે 159 રન સુધી સિમિત રાખ્યું

ન્યૂઝીલેન્ડ વતી ઓપનર સૈફર્ટ અને એલન વચ્ચે સૌથી મોટી 64 રનની ઓપનીંગ ભાગીદારી થઇ

કોલંબો, તા. 27 : ટી-20 વર્લ્ડકપમાં આજે શુક્રવારે અહીં રમાયેલી ગ્રુપ 2ની સુપર એઇટ મેચમાં ઈંગ્લેન્ડના સ્પિનરો આદિલ રશિદ, વિલ જેક્સ અને રેહાન અહેમદે મળીને મિડલ ઓવરોમાં રચેલા સ્પિન ત્રાટકને કારણે ન્યૂઝીલેન્ડની ટીમ સાત વિકેટે 159 રન સુધી સિમિત રહેતા ઈંગ્લેન્ડને આ મેચ જીતવા માટે 160 રનનો લક્ષ્યાંક મળ્યો હતો.

ટોસ જીતીને પહેલા બેટિંગ કરવાનો નિર્ણય લેનારા ન્યૂઝીલેન્ડને તેના ઓપનર ટિમ સૈફર્ટ અને ફિન એલને મળીને 42 બોલમાં 64 રનની ભાગીદારી કરીને મજબૂત શરૂઆત અપાવી હતી. જો કે એલન 19 બોલમાં 29 અને સૈફર્ટ 25 બોલમાં 35 રન કરીને આઉટ થયા પછી ઈંગ્લેન્ડના સ્પિનરોએ મિડલ ઓવરોમાં ન્યૂઝીલેન્ડના બેટ્સમેનોને ખુલીને રમવા દીધા નહોતા. 64 રનની ઓપનીંગ ભાગીદારી પછી બીજી સૌથી મોટી ભાગીદારી 31 રનની રહી હતી તે જ સ્થિતિ વર્ણવી દે છે. બંને ઓપનર સિવાય ગ્લેન ફિલિપ્સે 28 બોલમાં 39 રન બનાવ્યા હતા. ઈંગ્લેન્ડ વતી જેક્સ, રશિદ અને રેહાને 2-2 વિકેટ ઉપાડી હતી. ઈંગ્લેન્ડ વતી રેહાને વર્લ્ડકપમાં પોતાના પહેલા બોલ પર વિકેટ લીધી હતી.

ન્યૂઝીલેન્ડ	રન	બોલ	4	6
સૈફર્ટ સ્ટ.બટલર બો,રશિદ	35	25	3	2
એલન કો.બેથલ બો.જેક્સ	29	19	0	3
રચિન કો.બેથલ બો.રેહાન	11	13	1	0
ફિલિપ્સ બો.જેક્સ	39	28	4	1
ચેપમેન સ્ટ.બટલર બો.રશિદ	15	9	2	0
મિચેલ કો.જેક્સ બો.ડોસન	3	8	0	0
સેન્ટનર નોટઆઉટ	9	5	0	1
મેકોન્ચી બો.રેહાન	14	12	2	0
હેનરી નોટઆઉટ	1	1	0	0
વધારાના	3			
કુલ (20 ઓવરમાં સાત વિકેટે)	159			

વિકેટપતન : 1/64, 2/66, 3/97, 4/123, 5/133, 6/135, 7/152

બોલિંગ	O	M	R	W
જોફ્રા આર્ચર	3	1	24	0
લિયામ ડોસન	4	0	32	1
સેમ કરન	1	0	10	0
આદિલ રશિદ	4	0	28	2
વિલ જેક્સ	4	0	23	2
જેકબ બેથલ	1	0	13	0
રેહાન અહેમદ	3	0	28	2

શ્રીલંકાને હરાવવાની સાથે પાકિસ્તાન ઇચ્છશે કે ઇંગ્લેન્ડ ન્યૂઝીલેન્ડને હરાવે

શ્રીલંકાની નબળાઇનો પાકિસ્તાન લાભ ઉઠાવવા માગશે પણ તેમની મહેનત તો જ લેખે લાગશે જો ન્યૂઝીલેન્ડ ઇંગ્લેન્ડ સામે ખરાબ રીતે હારે

ટી-20 ટૂર્નામેન્ટ જ્યારે સુપર એઈટ તબક્કાના અંત તરફ હોય છે, ત્યારે તેની સુંદરતા એ છે કે લગભગ દરેક મેચ ટીમો માટે 'જીતવી જ પડે' તેવી હોય છે. ઈંગ્લેન્ડ અને ન્યુઝીલેન્ડ સામેની મેચોમાં શ્રીલંકાની બેટિંગ જે રીતે પડી ભાંગી હતી, તેને પાકિસ્તાને જોઈ હશે અને તે મુજબ તેઓ પ્રથમ બેટિંગ કરવી કે ફિલ્ડિંગ, તેની વ્યૂહરચના બનાવશે. ખાસ નોંધવું કે, આ લેખ ઈંગ્લેન્ડ અને ન્યુઝીલેન્ડ વચ્ચેની મેચ પહેલા લખાઈ રહ્યો છે. જો ઈંગ્લેન્ડ આ મેચ જીતશે, તો જ પાકિસ્તાન પાસે સેમીફાઈનલમાં પહોંચવાની થોડી ઘણી તક રહેશે. સેમીફાઈનલમાં પહોંચવા માટે જરૂરી 'નેટ રન-રેટ' કેટલો હોવો જોઈએ, તે જોવા માટે ગણતરીઓ શરૂ થઈ જશે. શ્રીલંકા સામે ન્યુઝીલેન્ડની મોટી જીતે પાકિસ્તાનીઓ માટે કામ મુશ્કેલ બનાવી દીધું છે, કારણ કે શ્રીલંકા સામે પાકિસ્તાનની જીત એટલી મોટી નહોતી.

પરંતુ કહેવાય છે ને કે, 'જ્યાં સુધી શ્વાસ છે ત્યાં સુધી આશા છે'. પાકિસ્તાની ખેલાડીઓએ શ્રીલંકન ખેલાડીઓની નિરાશાજનક સ્થિતિનો લાભ ઉઠાવવો જોઈએ, જે ન્યુઝીલેન્ડ સામેની હાર બાદ તેમના કેપ્ટનની મીડિયા સાથેની વાતચીતમાં સ્પષ્ટ દેખાતી હતી. શ્રીલંકન કેપ્ટને સરકારને વિનંતી કરી હતી કે સ્ટેડિયમની બહાર કેમેરા લઈને ઉભેલા એવા લોકો જે

મેચ જોતા પણ નથી અને ટીમ વિશે નકારાત્મકતા ફેલાવે છે, તેમને અટકાવવામાં આવે.

શ્રીલંકાના ફોર્મમાં રહેલા બે બેટર્સ, પથુમ નિસાંકા અને કુશલ મેન્ડિસ બંને મેચોમાં નિષ્ફળ રહ્યા હતા અને નીચલા ક્રમમાં સ્થિરતા લાવી શકે તેવું કોઈ નહોતું; વળી ગયા વર્ષના સૌથી વધુ રન બનાવનાર કામિન્દુ મેન્ડિસ પણ ફોર્મમાં નથી. બીજી તરફ, શ્રીલંકાની ફિલ્ડિંગ પણ નબળી રહી હતી, જેમાં રન ભેટમાં આપવામાં આવ્યા હતા.

પાકિસ્તાન પોતાની ઈનિંગને વેગ આપવા માટે સાહિબઝાદા ફરહાન પર ઘણું નિર્ભર રહ્યું છે અને ભારત સામેની મેચ સિવાય તેણે સતત રન બનાવ્યા છે. જો પાકિસ્તાને ક્વોલિફાય થવા માટે જરૂરી મોટા અંતરથી જીતવું હોય, તો તેણે ફરીથી સ્કોર કરવો પડશે અને આશા રાખવી પડશે કે તેને બીજા છેડેથી પણ ટેકો મળે. ફખર ઝમાનના સમાવેશથી ચોક્કસપણે મદદ મળી છે, કારણ કે તે આ ફોર્મેટમાં જરૂરી એવા અસામાન્ય શોટ્સ રમી શકે છે. પાકિસ્તાન એવી પણ આશા રાખશે કે શાહીન શાહ આફ્રિદી તેની પ્રથમ ઓવરમાં જ વિકેટ લેવાનું ચાલુ રાખે, ખાસ કરીને નિસાંકાની વિકેટ, જેથી તેઓ શ્રીલંકાને એવા સ્કોર પર રોકી શકે જે તેમના રન-રેટ માટે સારો હોય. જોકે, જો ન્યુઝીલેન્ડ ઈંગ્લેન્ડને હરાવી દેશે, તો તેમના ગ્રુપની છેલ્લી સુપર એઈટ મેચ માત્ર વ્યક્તિગત રેકોર્ડ અને દેશના સન્માન ખાતર રમાતી મેચ બનીને રહી જશે.

IPL 2026 બે દિવસ મોડી 28 માર્ચથી શરૂ થશે, ફાઇનલ 31 મેના રોજ

પહેલા આઇપીએલ 26 માર્ચથી શરૂ થવાની હતી પણ વિધાનસભા ચૂંટણીઓ વિલંબનું કારણ બની

બીસીસીઆઈ અને આઈપીએલ ગવર્નિંગ કાઉન્સિલ આગામી સપ્તાહે એક મહત્વપૂર્ણ બેઠક કરશે

ચૂંટણીની તારીખો જાહેર થયા પછી બીસીસીઆઇ બે તબક્કામાં IPLનું શેડ્યુલ જાહેર કરી શકે

RCBની હોમ મેચ માટે એમ ચિન્નાસ્વામી સ્ટેડિયમ અંગે સસ્પેન્સ, મુંબઇ, રાયપુર, પુણે શોર્ટલિસ્ટ

ડિફેન્ડિંગ ચેમ્પિયન રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (આરસીબી) તેમની સીઝનની શરૂઆતની મેચ રમવા માટે તૈયાર છે, પરંતુ આ મેચ તેમના હોમ ગ્રાઉન્ડ, બેંગલુરુમાં યોજાશે કે નહીં તે અંગે હજુ પણ અનિશ્ચિતતા છે. ગયા વર્ષે જૂનમાં આરસીબીના વિજય ઉજવણી દરમિયાન ચિન્નાસ્વામી સ્ટેડિયમની બહાર થયેલી નાસભાગ બાદ ત્યાં કોઈ મોટી મેચ યોજાઈ નથી, જેમાં 11 ચાહકોના મોત થયા હતા. કર્ણાટક સરકારે સ્ટેડિયમને કેટલીક શરતો સાથે લીલીઝંડી આપી છે, જ્યારે RCB મેનેજમેન્ટ બિનશરતી મંજૂરીની માગ કરી રહ્યું છે. જો ચિન્નાસ્વામી સ્ટેડિયમનો વિવાદ ઉકેલાય નહીં, તો આરસીબી તેના સાત ઘરેલું મેચ બેંગલુરુની બહાર રમી શકે છે. ફેન્ચાઇઝીએ આ હેતુ માટે નવી મુંબઈ (ડીવાય પાટિલ સ્ટેડિયમ), રાયપુર અને પુણેને શોર્ટલિસ્ટ કર્યા છે.

નવી દિલ્હી, તા. 27 : વિશ્વની સૌથી પ્રસિદ્ધ ક્રિકેટ લીગ ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ) 2026ની શરૂઆતમાં બે દિવસ વિલંબથી થશે. ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડ (બીસીસીઆઇ) દ્વારા વિધાનસભા ચૂંટણીઓને ધ્યાને લઈને આગામી સીઝનની તારીખોમાં થોડો ફેરફાર કરવાનો નિર્ણય લેવાયો છે. અહેવાલો અનુસાર, મૂળ 26 માર્ચે શરૂ થનારી આ ટુર્નામેન્ટ હવે બે દિવસ પછી 28 માર્ચે શરૂ થશે. આ મેગા ટુર્નામેન્ટની ફાઇનલ મેચ 31 મેના રોજ રમાશે.

આઇપીએલ 2026ની શરૂઆતમાં આ વિલંબ મુખ્યત્વે આસામ, પશ્ચિમ બંગાળ અને તમિલનાડુમાં આગામી વિધાનસભા ચૂંટણીઓને કારણે થયો છે. આ રાજ્યોની ચૂંટણીની તારીખો હજુ સુધી જાહેર કરવામાં આવી નથી, જેના કારણે સુરક્ષા વ્યવસ્થા અંગે અનિશ્ચિતતા ઉભી થઈ છે. ચેન્નાઈ સુપર કિંગ્સ (સીએસકે) અને કોલકાતા નાઈટ રાઈડર્સ (કેકેઆર) જેવી મુખ્ય ટીમો આ રાજ્યોમાં તેમની હોમ મેચ રમવાની છે, તેથી બીસીસીઆઇ મેચ દરમિયાન સુરક્ષા કર્મચારીઓની કોઈ કમી ન રહે તે માટે ચૂંટણી પંચની તારીખોની રાહ જોઈ રહ્યું છે.

બીસીસીઆઈ અને આઈપીએલ ગવર્નિંગ કાઉન્સિલ આગામી સપ્તાહે એક મહત્વપૂર્ણ બેઠક યોજવાના છે. સૂત્રો સૂચવે છે કે ચૂંટણીની તારીખોમાં વિલંબને કારણે, બોર્ડ 2009, 2014 અને 2019 ના તબક્કાઓની જેમ બે તબક્કામાં શેડ્યૂલ જાહેર કરવાની યોજના બનાવી શકે છે. પ્રથમ તબક્કામાં ટૂર્નામેન્ટના પહેલા બે અઠવાડિયાના મેચોનો સમાવેશ થવાની સંભાવના છે, જ્યારે બાકીના ફિક્સ્ચર ચૂંટણીની તારીખો સ્પષ્ટ થયા પછી જાહેર કરવામાં આવશે.

પાકિસ્તાનની નજર આજે મોટી જીત પર, શ્રીલંકા સન્માનજનક વિદાયની શોધમાં

સાંજે 7.00 વાગ્યાથી મેચનું જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટસ નેટવર્ક અને લાઇવ સ્ટ્રીમીંગ જીયો હોટસ્ટાર પર

પલ્લેકલ, તા. 27 (પીટીઆઈ) : ટી-20 વર્લ્ડકપમાં જો અને તોમાં ફસાયેલું પાકિસ્તાન આવતીકાલે શનિવારે જ્યારે અહીં શ્રીલંકા સામે મેદાને ઉતરશે ત્યારે તેની નજર એક મોટી જીત મેળવવા પર રહેશે, આ તરફ સંઘર્ષ કરી રહેલું શ્રીલંકા સન્માનજનક વિદાય મેળવવા માટે કોઈ કસર છોડવા નહીં માગે.

પાકિસ્તાનનું પ્રદર્શન અત્યાર સુધી નબળું રહ્યું છે, અને તેઓ તેમના ગ્રુપમાં ત્રીજા સ્થાને છે. આ ગ્રુપમાંથી ઈંગ્લેન્ડ પહેલાથી જ સેમી ફાઈનલ માટે ક્વોલિફાય થઈ ગયું છે, જ્યારે ન્યુઝીલેન્ડ અને પાકિસ્તાન છેલ્લા ચારમાં સ્થાન મેળવવાની દોડમાં છે. શ્રીલંકા તેની પહેલી બે મેચ હાર્યા બાદ સેમી ફાઈનલની રેસમાંથી બહાર થઈ ગયું છે. જ્યારે પાકિસ્તાન અને ન્યુઝીલેન્ડની વાત આવે છે, ત્યારે કિવી ટીમ સારી સ્થિતિમાં દેખાય છે. ન્યુઝીલેન્ડ પાસે પાકિસ્તાન કરતા ત્રણ પોઈન્ટ અને સારો નેટ રન રેટ (3.050) છે. પાકિસ્તાન પાસે હાલમાં ફક્ત એક પોઈન્ટ અને નેટ રન રેટ માઈનસ 0.461 છે.

પરંતુ પાકિસ્તાન માટે બધી આશાઓ ખતમ થઈ નથી કારણ કે તેઓ હજુ પણ સેમિફાઈનલમાં પ્રવેશ કરી શકે છે પણ વાત ત્યાં આવીને અટકે છે કે જો શુક્રવારે ઈંગ્લેન્ડ ન્યુઝીલેન્ડને મોટા માર્જિનથી હરાવે અને પછી સલમાન આગાની આગેવાની હેઠળની ટીમ શ્રીલંકા પર મોટી જીત નોંધાવે. પણ જો આજની મેચ ન્યૂઝીલેન્ડ જીતી જશે તો પાકિસ્તાનની શ્રીલંકા સામેની મેચનું કોઇ મહત્વ નહીં રહે. પાકિસ્તાનના બેટ્સમેનો અને બોલરો માટે સારું પ્રદર્શન કરવું એક પડકાર છે કારણ કે તેઓ અત્યાર સુધી ટુર્નામેન્ટમાં અપેક્ષા મુજબ પ્રદર્શન કરી શક્યા નથી.

યાકુબોવે ગુકેશને ડ્રો પર રોક્યો, અરવિંદે નીમાનને હરાવ્યો

પ્રાગ, તા. 27 (પીટીઆઈ) : વિશ્વ ચેમ્પિયન ડી ગુકેશે ઉઝબેકિસ્તાનના નોડિરબેક યાકુબોવ સાથે બીજી ગેમ ડ્રો રમી, પરંતુ ડિફેન્ડિંગ ચેમ્પિયન અરવિંદ ચિદમ્બરમે પ્રાગ ઈન્ટરનેશનલ ચેસ ફેસ્ટિવલની માસ્ટર્સ કેટેગરીના બીજા રાઉન્ડમાં યુએસના હાન્સ મોકી નીમેનને હરાવીને બધાને આશ્ચર્યચકિત કરી દીધા. ગુકેશ સતત બીજી ગેમમાં સફેદ મહોરાઓ સાથે રમી રહ્યો હતો પરંતુ તેનો લાભ લેવામાં નિષ્ફળ ગયો અને સતત બીજા રાઉન્ડમાં તેને પોઈન્ટ શેર કરવા પડ્યા. તેણે પહેલા રાઉન્ડમાં નીમેન સાથે પણ ડ્રો રમી હતી. અરવિંદે ફિલિડોર ડિફેન્સ માટે પોતાની નવી પસંદગી ચાલુ રાખી, જ્યારે નીમેને સફેદ પીસ સાથે શરૂઆતની લીડ મેળવી. એક મહત્વપૂર્ણ તબક્કે, અમેરિકન ખેલાડીનો સમય પૂરો થયો, જેનો અરવિંદે જીત માટે લાભ ઉઠાવ્યો. ઉઝબેકિસ્તાનના નોદિરબેક અબ્દુસત્તોરોવ સામે પ્રથમ રાઉન્ડમાં હાર્યા બાદ ચેન્નાઈના ખેલાડી માટે આ જીત ખૂબ જ ખુશીની વાત હતી. અન્ય એક મેચમાં, સ્પેનના ડેવિડ એન્ટોન ગુઈજારોએ નેધરલેન્ડ્સના જોર્ડન વાન ફોરેસ્ટને હરાવ્યો. સાત રાઉન્ડ બાકી છે ત્યારે, અબ્દુસત્તોરોવ, યાકુબોવ અને સ્થાનિક ખેલાડી ડેવિડ નવારા 1.5-1.5 પોઈન્ટ સાથે લીડ માટે સમાન છે, ત્યારબાદ ગુકેશ, અરવિંદ, વાન ફોરેસ્ટ અને ગુઈજારો છે, જેઓ દરેક અડધા પોઈન્ટ પાછળ છે.

ક્રિકેટર રિંકુ સિંહના પિતાનું લાંબી બિમારી બાદ અવસાન

રિન્કુના પિતા લાંબા સમયથી લિવર કેન્સરની બિમારીને કારણે હોસ્પિટલમાં દાખલ હતા

અલીગઢ/નોઈડા, તા. 27 (પીટીઆઈ) : ભારતીય ક્રિકેટર રિંકુ સિંહના પિતા ખાનચંદ સિંહનું શુક્રવારે વહેલી સવારે ગ્રેટર નોઈડાની એક હોસ્પિટલમાં લાંબી બીમારી બાદ અવસાન થયું હોવાનું પરિવારના સૂત્રોએ જણાવ્યું હતું. 58 વર્ષિય ખાનચંદ સિંહ કેન્સરથી પીડાતા હતા. તેઓ છેલ્લા કેટલાક સમયથી ગ્રેટર નોઈડાની એક ખાનગી હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા હતા, એમ હોસ્પિટલના ડોક્ટરોએ જણાવ્યું હતું.

ગ્રેટર નોઈડા સ્થિત યથાર્થ હોસ્પિટલના પ્રવક્તા ડૉ. સુનિલ કુમારે જણાવ્યું હતું કે રિંકુના પિતા લીવર કેન્સર સામે ઝઝૂમી રહ્યા હતા. તાજેતરમાં તેમની તબિયત ઘણી બગડી હતી અને તેઓ 21 ફેબ્રુઆરીથી હોસ્પિટલમાં દાખલ હતા. તેમને વેન્ટિલેટર પર રાખવામાં આવ્યા હતા અને આજે સવારે તેમણે અંતિમ શ્વાસ લીધા. રિંકુને તેના પિતાની નાજુક તબિયતને કારણે ટી-20 વર્લ્ડકપમાં અધવચ્ચેથી ઘરે પરત ફરવું પડ્યું હતું. જોકે, 26 ફેબ્રુઆરીએ ઝિમ્બાબ્વે સામેની મેચ પહેલા તે ચેન્નાઈમાં ભારતીય ટીમ સાથે ફરી જોડાયો હતો. રિંકુના માજી કોચ, મસૂદ અમીનીએ, અલીગઢથી જણાવ્યું હતું કે ખાનચંદ કેન્સર સામે ઝઝૂમી રહ્યા હતા. તેઓ ઘણા સમયથી બીમાર હતા. તેમને લીવર કેન્સર હતું. તેઓ છેલ્લા ત્રણ-ચાર દિવસથી વેન્ટિલેટર પર હતા. તેમના અંતિમ સંસ્કાર બપોરે 2 વાગ્યે અલીગઢના મહુઆ ખેડા વિસ્તારમાં આવેલા સ્મશાનગૃહમાં કરવામાં આવ્યા હતા.

સુડોકુ - 'ક્રૂટિ'

		૪	૭	૯				૧
		૧		૨	૩	૪		
	૭		૬	૪	૧	૫	૩	
૮		૬			૭			
૨	૧	૫			૮		૪	૬
૭			૧	૬	૨	૮		
			૩				૧	૨
	૨		૫			૩		
૧	૩		૨					

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

૨	h	૬	૭	૭	૯	૭	૬	૬
૭	૭	૬	૬	૬	h	૭	૯	૨
૯	૬	૭	૨	૭	૬	૭	h	૬
h	૭	૭	૯	૬	૬	૬	૨	૭
૬	૨	૭	૭	૬	૭	h	૬	૯
૬	૯	૬	૭	h	૨	૬	૭	૭
૭	૬	h	૬	૨	૬	૯	૭	૭
૭	૭	૨	૬	૯	૭	૬	૭	h
૬	૬	૯	h	૭	૭	૨	h	૬

૭૬૨૬-૨૬૬૭ ક્રૈડ્ડિ

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રયોમંદ પરબીઆ

પરમીયો

નિર્બંધિત જાતીય સંસર્ગ આ ભેટ મુકી જાય છે. ઘોળી મુસળી 35 g, બેરજો 35g, સોના ગેરુ 10g લઈ છૂટા રાખી વસ્ત્રગાળ દળવા. લોખંડની કઢાઈમા બેરજો ગરમ થવા મુકો. બેરજો ઓગળે એટલે ચૂલો બંધ કરી તેમાં બન્ને ચૂર્ણ ભેળવી લો. એમાંથી પાંચ, પાંચ ગ્રામ ચૂર્ણ લેવું. સાથે 200 ગ્રામ દૂધ મા 200g પાણી ભેળવી તે ઠૂંઠાળું મિશ્રણ પીવાથી સાત દિવસ મા પરિણામ દેખાશે. સાથે ચંદ્રપ્રભા નંબર 1 ની બે બે ગોળી સવાર સાંજ લેવી. ધીરજ રાખવી.

અનુસંધાન ... પાના પહેલાનું

અફઘાનિસ્તાન સાથે ખુલ્લા...

વચ્ચે ખુલ્લું યુદ્ધ છે... હવે 'દમાદમ મસ્ત કલંદર' થશે. પાકિસ્તાની સેના સાત સમંદર પારથી નથી આવી. અમે તમારા પડોશી છીએ; અમે તમારી રગેરગથી વાકેફ છીએ. 'દમાદમ મસ્ત કલંદર' પંક્તિઓ સિંધી સૂફી સંત લાલ કલંદરના સંદર્ભમાં છે જેનો અર્થ દરેક શ્વાસમાં નિજાનંદ એ પ્રકારનો થાય છે, પણ સામાન્ય બોલચાલમાં ઘણી વખત આ પંક્તિનો ઉપયોગ લાંબુ વિચાર્યા વિના મચી પડવાના સંદર્ભમાં થાય છે. મુજાહિદે પુનરોચ્ચાર કર્યો હતો કે અફઘાનિસ્તાન પાકિસ્તાન અને ભારત સહિત પડોશી દેશો સાથે શાંતિપૂર્ણ સંબંધો ઈચ્છે છે. ભારત સાથેના અમારા સારા સંબંધો પાકિસ્તાનની વિરુદ્ધ નથી, તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે અમીરાત ક્યારેય કોઈ દેશના નિયંત્રણ હેઠળ રહ્યું નથી.

એક્સાઇઝ કૌભાંડમાં...

હાલાકી ભોગવવા માટે મજબૂર કરી શકાય નહીં. તેમાં વધુમાં ઉમેર્યું હતું કે, આ અદાલતને 'સંબંધિત સંસ્થાઓ' સંબંધિત પ્રતિબંધો અથવા અન્ય કોઈ નીતિ વિષયક શરતોનો કોઈ દેખીતો ભંગ જણાયો નથી, જે આપમેળે ગુનાહિત જવાબદારી આકર્ષી શકે. કોર્ટે ભારપૂર્વક જણાવ્યું હતું કે રેકોર્ડ પરના પુરાવા મુજબ, નીતિ વિચાર-વિમર્શનું પરિણામ હતી. જો કે લેફ્ટનન્ટ ગવર્નર પાસેથી સૂચનો લેવાની કોઈ કાયદાકીય કે બંધારણીય જરૂરિયાત નહોતી, છતાં ફાઇલ નોંધો સ્પષ્ટપણે દર્શાવે છે કે સૂચનો માંગવામાં આવ્યા હતા, તપાસવામાં આવ્યા હતા અને તેનો સમાવેશ પણ કરવામાં આવ્યો હતો. આમ, નીતિ નિર્માણ પ્રક્રિયાની અખંડિતતા દસ્તાવેજો દ્વારા સાબિત થાય છે. કોર્ટે અંતમાં જણાવ્યું હતું કે CBI દ્વારા રજૂ કરવામાં આવેલો આબકારી નીતિનો કેસ સંપૂર્ણપણે ન્યાયિક ચકાસણીમાં નિષ્ફળ રહ્યો છે. કાયદેસર રીતે સ્વીકાર્ય સામગ્રીના અભાવમાં આરોપીઓને આ રીતે ફોજદારી ટ્રાયલનો સામનો કરાવવો ન્યાય સંગત નથી.

તપાસ અગાઉથી...

જેને કાયદેસરની માન્ય સામગ્રીનો કોઈ ટેકો નથી. જ્યે કહ્યું કે આવા આરોપોને ગોવા વિધાનસભા ચૂંટણી સાથે જોડવાનો પ્રયાસ, અને ગુનાની કથિત કમાણીનો ઉપયોગ બતાવવો, તે કાયદેસરની સામગ્રી કરતાં અનુમાન અને ધારણાઓ પર વધુ આધારિત છે. તેમણે કહ્યું કે, એકવાર જો આબકારી નીતિ ઘડવાની પ્રક્રિયા વિચાર-વિમર્શ, સંસ્થાકીય ચકાસણી અને પ્રક્રિયાગત પાલનનું પરિણામ હોવાનું સાબિત થઈ જાય, તો તેના અમલીકરણમાં ગુનાહિતતાનો આરોપ લગાવવાનો કોઈ પણ પ્રયાસ સંપૂર્ણપણે ટકી શકે તેમ નથી.

કેજરીવાલના ઘરે...

અને અમિત શાહે ED દ્વારા જે ખોટો કેસ ઊભો કરવાનો પ્રયાસ કર્યો હતો તેનો પર્દાફાશ થયો છે. ધીમે-ધીમે, ૧ પંડિત રવિશંકર શુક્લ લેન સ્થિત AAP કાર્યાલય પર પણ મુલાકાતીઓની સંખ્યા વધવા લાગી હતી. કાર્યકરોએ ગુલાલથી રમતા રમતા નારા લગાવ્યા હતા કે, હોળી વહેલી આવી ગઈ છે.

કેજરીવાલના પત્ની સુનીતા કેજરીવાલે બહાદુરી માટે કોર્ટ અને જજનો આભાર માન્યો હતો. તેમણે પીટીઆઇને કહ્યું કે, અરવિંદ કેજરીવાલે પોતાનું આખું જીવન ઈમાનદારીથી અને દેશની પ્રગતિ માટે વિતાવ્યું છે. પરંતુ આ લોકોએ સત્તાની લાલચમાં ખોટા આરોપો લગાવીને તેમના સાથીઓને જેલમાં પૂર્યા... પણ મને ભગવાન પર વિશ્વાસ હતો.

સીબીઆઇની હાઇકોર્ટમાં...

જણાવ્યું હતું કે, સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન (CBI) એ ટ્રાયલ કોર્ટના ચુકાદા વિરુદ્ધ તાત્કાલિક હાઈકોર્ટમાં અપીલ કરવાનો નિર્ણય લીધો છે, કારણ કે તપાસના કેટલાક પાસાઓની કાં તો અવગણના કરવામાં આવી છે અથવા તેને પૂરતા પ્રમાણમાં ધ્યાનમાં લેવામાં આવ્યા નથી. સ્પેશિયલ કોર્ટે શુક્રવારે કેજરીવાલ, સિસોદિયા અને અન્ય 21 લોકોને લિકર પોલિસી કેસમાં સીબીઆઈની ચાર્જશીટની નોંધ લેવાનો ઇનકાર કરીને મુક્ત કર્યા હતા.

કેજરીવાલ રડી પડ્યા:...

અને AAP 'કટ્ટર ઈમાનદાર' છે. કેજરીવાલે આરોપ લગાવ્યો હતો કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના ઈશારે આમ આદમી પાર્ટીને ખતમ કરવા માટે આ એક્સાઈઝ કેસનું ષડયંત્ર ઘડવામાં આવ્યું હતું. દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રીએ આક્ષેપ કરતા કહ્યું, હું હંમેશા કહેતો હતો કે ભગવાન અમારી સાથે છે. મોદીજી અને અમિત શાહજીએ મળીને સ્વતંત્ર ભારતનું સૌથી મોટું રાજકીય ષડયંત્ર રચ્યું હતું. પાર્ટીને ખતમ કરવા માટે AAPના પાંચ મોટા નેતાઓને જેલમાં મોકલવામાં આવ્યા હતા.

પોતાની અને સિસોદિયાની જેલની સજાને યાદ કરતા કેજરીવાલે કહ્યું કે, પ્રથમ વખત કોઈ કાર્યરત મુખ્યમંત્રીને તેમના ઘરેથી ખેંચીને જેલમાં પૂરવામાં આવ્યા" હતા. માર્ચ 2024માં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) દ્વારા કથિત લિકર કૌભાંડમાં ધરપકડ કરાયેલ કેજરીવાલે ભારપૂર્વક કહ્યું કે આ આખો કેસ નકલી હતો. અશ્રુભરી આંખે તેમણે કહ્યું, અમારા પર કાદવ ઉછાળવામાં આવ્યો. ચોવીસ કલાક ટીવી પર ચર્ચાઓ થતી અને સમાચાર ફ્લેશ થતા કે કેજરીવાલ ભ્રષ્ટ છે. તેમણે રૂંધાયેલા અવાજે આગળ કહ્યું, મેં માત્ર ઈમાનદારી કમાઈ છે. તેમણે ખોટો કેસ નોંધ્યો. આજે તે સાબિત થઈ ગયું છે, કોર્ટે કહ્યું છે કે 'કેજરીવાલ કટ્ટર ઈમાનદાર છે, મનીષ સિસોદિયા કટ્ટર ઈમાનદાર છે, આમ આદમી પાર્ટી કટ્ટર ઈમાનદાર છે.'

આર્થિક બાબતમાં...

આ તમામ આરોપોને ફગાવી દીધા હતા અને તપાસનું નેતૃત્વ કરનાર CBI વિશે તીખી ટિપ્પણીઓ કરી હતી. અદાલતે માત્ર CBIની ટીકા જ નથી કરી, પરંતુ તથ્યો પ્રત્યે સંપૂર્ણ અવગણના દર્શાવવા બદલ તપાસ અધિકારી (IO) સામે ખાતાકીય તપાસનો આદેશ પણ આપ્યો છે.

CBIની તપાસ પર કોર્ટની મહત્વની ટિપ્પણીઓ:

* કાલ્પનિક વાર્તા:** પ્રોસિક્યુશનનો કેસ કાયદેસર રીતે સ્વીકાર્ય પુરાવાઓને બદલે "અટકળો અને કાલ્પનિક રચનાઓ" પર આધારિત હતો.
* પૂર્વનિર્ધારિત નિષ્કર્ષ:** CBIએ એક સુસંગત વાર્તા રજૂ કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ તપાસમાં જણાયું કે "તથ્યોને પૂર્વનિર્ધારિત નિષ્કર્ષને સમર્થન આપવા માટે ગોઠવવામાં આવ્યા હતા."
* અનુમાન પર આધારિત:** એજન્સીની થિયરી છૂટાછવાયા સંજોગો પર આધારિત હતી અને કોર્ટને 'ડોટ્સ જોડવા' (અનુમાન કરવા) માટે કહેવામાં આવ્યું હતું, જેની ફોજદારી કાયદો પરવાનગી આપતો નથી.
* અતાર્કિક થિયરી:** કેસમાં CBIની થિયરીને "દેખીતી રીતે ભૂલભરેલી, આર્થિક રીતે અજ્ઞાન અને કાયદેસર રીતે અસ